# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા **જા.ક્ર.-૧૦૧/૨૦૧૬-૧૭ થી જા.ક્ર.-૧૦૫/૨૦૧૬-૧૭ માટે તારીખ-૦૧/૧૨/૨૦૧૬ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૧૬/૧૨/૨૦૧૬ (૧૩:૦૦ કલાક)** સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે **શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ,** ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ **www.gpsc.gujarat.gov.in** ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ–સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે **https://gpsc-ojas.gujarat.gov.in** પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.
તારીખ-૦૧/૧૨/૨૦૧૬

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક કસોટીના પરિણામનો સંભવીત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવીત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | | | ૫ | | | | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| | | | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | | | | | |
| ૧૦૧ | મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨ | ૩૫૦ | ૧૭૫ | ૯૪ | ૨૪ | ૫૭ | ૫૭ | ૩૧ | ૦૭ | ૧૮ | ૧૦ | ૦૩ | ૨૬/૦૩/૨૦૧૭ | મે-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૧૦૨ | મોટર વાહન નિરીક્ષક, વર્ગ-૨, સામાન્ય રાજય સેવા | ૫૦ | ૨૬ | ૧૩ | ૦૩ | ૦૮ | ૦૯ | ૦૪ | ૦૧ | ૦૨ | ૦૦ | ૦૧ | ૨૬/૦૩/૨૦૧૭ | જુન-૨૦૧૭ | ઓક્ટોબર-૨૦૧૭ |
| ૧૦૩ | આચાર્ય, સરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને કાયદાની કોલેજ ખાતે, ગુજરાત શિક્ષણ સેવા, વર્ગ-૧ (કો.શા.) | ૫૨ | ૨૮ | ૧૪ | ૦૩ | ૦૭ | ૦૮ | ૦૧ | ૦૨ | ૦૪ | ૦૦ | ૦૦ | ૦૯/૦૪/૨૦૧૭ | જુન-૨૦૧૭ | નવેમ્બર-૨૦૧૭ |
| ૧૦૪ | અધિક જિલ્લા આરોગ્ય અધિકારી / આર. સી. એચ. ડી., વર્ગ-૨, | ૦૨ | ૦૧ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૮/૦૧/૨૦૧૭ | ફેબ્રુઆરી-૨૦૧૭ | એપ્રિલ-૨૦૧૭ |
| ૧૦૫ | જીલ્લા શિક્ષણ અધિકારી / જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી અને તેની સમકક્ષ જગ્યાઓ, ગુજરાત શિક્ષણ સેવા (વહીવટી શાખા), વર્ગ-૧ | ૧૫ | ૦૯ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૨ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૧૨/૦૩/૨૦૧૭ | મે-૨૦૧૭ | ઓગષ્ટ-સપ્ટેમ્બર-૨૦૧૭ |

**નોંધ :-** (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજીત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦ ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦ ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. આખરી પસંદગીમાં આયોગ જે લઘુત્તમ ધોરણ નક્કી કરશે તે લાગુ પડશે અને તેના મેરીટલીસ્ટના આધારે પસંદગી યાદી આખરી કરવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે.

(૩) આખરી પરિણામ પ્રસિધ્ધ કરતી વખતે ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet આયોગની વેબસાઈટ પર મુકવામાં આવશે.